બિન સરકારી અનુદાનિત(ગ્રાન્ટ-ઈન-એઈડ) માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાના કર્મચારીઓ સીધી ભરતીથી ગુ.શિ. સેવા, (વ.શા.)ના વર્ગ-૧ તથા વર્ગ-૨માં જોડાતા કર્મચારીઓને પગાર રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/1296/L - Services

સચિવાલય, ગાંધીનગર

તારીખ: e-sign મુજબ

આમુખ:

ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧(વ.શા.) તથા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨(વ.શા.)ના ભરતી નિયમો મુજબ સદર સંવર્ગની સીધી ભરતીમાં નિયત અનુભવ ધરાવતા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓ ભાગ લે છે અને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા બહાર પાડવામાં આવતી નિયત ભરતી પ્રક્રિયામાંથી પસાર થઈને સદર સંવર્ગમાં નિમણૂક પામે છે. સરકારી કર્મચારીઓ જ્યારે આ સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં જોડાય છે ત્યારે તેમને નિયમાનુસાર પગાર રક્ષણ મળે છે, પરંતુ બિન-સરકારી અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાના કર્મચારીઓને સદર સેવામાં જોડાતા પગાર રક્ષણ આપવાની કોઈ જોગવાઈ ન હોવાથી તેઓને પગાર રક્ષણનો લાભ મળતો ન હતો.

આથી, ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓ જ્યારે સીધી ભરતીથી ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા) વર્ગ-૧ અને વર્ગ-૨માં નિયમિત પગાર ધોરણમાં જોડાય ત્યારે તેમના અગાઉના અનુભવને ધ્યાને લઈ તેઓને પગાર રક્ષણ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, બિન-સરકારી અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નિયત અનુભવ ધરાવતાં કર્મચારીઓ સીધી ભરતીથી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ (વહીવટી શાખા)માં નિયમિત પગાર ધોરણમાં નિમણૂક પામતાં, તેઓને નીચે દર્શાવેલ શરતોને આધીન પગાર રક્ષણ આપવા આથી મંજૂરી આપવામાં આવે છે.

1. આ પગાર રક્ષણના લાભો સદર ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી જ મળવાપાત્ર થશે. આ અગાઉના સમયગાળાને માત્ર નોશનલ ગણવાનો રહેશે.
2. ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખે સેવામાં કાર્યરત હોય તેવા કર્મચારીઓને જ આ લાભો મળવાપાત્ર થશે.
3. પગાર રક્ષણ આપવાથી ચુકવવાપાત્ર પગાર કરતા વધારે ચુકવણી ન થાય તે માટે પગાર બાંધણી નિયમાનુસાર થયેલી છે કે કેમ? તે સંબંધિત કચેરીએ સુનિશ્ચિત કરી લેવાનું રહેશે.
4. આ લાભો ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ની પગાર રક્ષણની જોગવાઈઓ અને તે સંદર્ભે થયેલ અન્ય ઠરાવો તથા સરકારશ્રીની પ્રવર્તમાન નીતિઓને આધારે મળવાપાત્ર થશે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગનાં પરામર્શ હેઠળ સરકારશ્રીની તારીખ ૧૯/૦૯/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

e-sign/-

(કિન્નરી. આર.શાહ)

ઉપ સચિવ,

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(નાણા) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ/મા.શિ.)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(પ્રા.શિ/મા.શિ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.શિ./ટે.શિ.)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રા.શિ./મા.શિ.)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગના સર્વે ખાતાના વડાની કચેરીઓ.
- આઇ.ટી.શાખા, શિક્ષણ વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified

Signed by:kinnari rameshchandra shah
Under Secretary
Date:2026.10.09 17:31:12 +5:30

File No: ED/MIS/e-file/3/2022/1296/L - Services
Approved By: Additional Chief Secretary,ED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign